## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**પર્યાવરણ હોય કે રાજકારણ અમે બાવળીયા સુદ્ધાને નુકસાન થાય તેવું નહીં ચલાવી લઈએ...**

# વિચરતી વિમુક્ત જાતિઓના અનામતની માંગણીને લઈને આજનો સભાનો કાર્યક્રમ રદ

**૧૧ ટકા અનામત અલગથી આપવાની માંગણીને લઇને ગાંધીનગર યોજાનાર ધરણાનો કાર્યક્રમ પોલીસ મંજૂરી ન મળતા રદ કરવામાં આવ્યો**

અલગથી ૧૧ ટકા અનામત આપવાની માગણીને લઈને વિચરતી વિમુક્ત જાતિઓ વતી અખિલ ભારતીય વિચરતી અને વિમુક્ત જાતિ વેલ્ફેર સંઘ ગુજરાત પ્રદેશ દ્વારા ગાંધીનગરમાં ધરણા પ્રદર્શન નો કાર્યક્રમ ગુરુવારે સવારે યોજાનાર હતો. જેને સુરક્ષાના બહાના હેઠળ પોલીસ વિભાગ દ્વારા મંજૂરી ન અપાતા છેલ્લી ઘડીએ કાર્યક્રમ રદ કરવાની ફરજ પડી છે. જેને કારણે સંસ્થાના પ્રતિનિધિઓ આવતી કાલે ગાંધીનગર ખાતે આવી ઉતરે તેવી ભીતિ સેવાઈ રહી છે. સાથે અફરાતફરીનો માહોલ સર્જાય તેવી પણ શક્યતાઓ છે.

હાલમાં જ વોટ્સએપમાં ફરતી ફેક ન્યુઝ અને છોકરા ઉપાડી જવાની અફવાઓને કારણે ટોળાના ગુસ્સાનો સૌથી વધુ ભોગ કોઈ બન્યું હોય તો વિચરતી વિમુક્ત જાતિના લોકો છે. અખિલ ભારતીય વિચરતી અને વિમુક્ત જાતિ વેલ્ફેર સંઘના આગેવાન દિલીપભાઈ એમ વાદીના કહેવા પ્રમાણે આજે પણ એમના સમાજ ની હાલત ખુબ જ કફોડી છે, સમાજના મોટાભાગના લોકો પરિવાર સાથે રોડ રસ્તા કે ગટરોના કિનારે, તંબુ કે ઝૂંપડીઓમાં રહે છે. જેઓની આજીવિકા હસ્તકલા વાજિંત્રો વગાડવા કે સાપનો ખેલ બતાવવા પર જ આધારિત છે. અલગથી ૧૧ ટકા અનામત આપવા તથા અન્ય માગણીઓ સાથેનું અખિલ ભારતીય વિચરતી અને વિમુક્ત જાતિ વેલફેર સંઘ દ્વારા સમાજના હજારો લોકોને ગાંધીનગરમાં એકત્રિત કરી ધરણા પ્રદર્શન નું આયોજન હતું. આ માટે સભાની મંજૂરી પોલીસ વિભાગ પાસે માંગવામાં આવી હતી જે સુરક્ષાનું બહાનું ધરી આપવામાં આવી નથી. જેને પગલે આવતીકાલે ગાંધીનગરમાં હજારો લોકો ઉતરી આવે તેવી ભીતિ સેવાઈ રહી છે અને અફરાતફરીનો માહોલ સર્જાય તેવી શક્યતાઓ સેવાઈ રહી છે. તો બીજી તરફ આગેવાનોએ કાર્યક્રમ રદ કરી જો ટૂંક સમયમાં ઉપરોક્ત તમામ સમસ્યાઓનું લોકસભાની ચૂંટણી પહેલા નિરાકરણ ન આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની તથા ચૂંટણીનો બહિષ્કાર કરી અથવા નોટાનું બટન દબાવી વિરોધ કરવાની ચીમકી ઉચ્ચારી છે.



ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ દ્વારા જનસંપર્ક અભિયાન આરંભાયું છે. ૧૭મીથી આરંભાયેલા અભિયાનમાં પ્રદેશના હોદ્દેદારો અને કાર્યકરો મોટી સંખ્યામાં ઘરે - ઘરે જઈ જનસંપર્ક કરી રહ્યા છે. જનસંપર્ક અભિયાનમાં ધારાસભ્ય ડૉ. સી. જે. ચાવડા, પ્રદેશ મહામંત્રી નિશીતભાઈ વ્યાસ, શહેર પ્રમુખ ડૉ. કૌશિકભાઈ શાહ સહિત મોટી સંખ્યામાં કાર્યકરો જોડાયા હતા.

# એલસીબીની ટીમે વાંસજડા ગામેથી વિદેશી દારૂની હેરાફેરી કરતી ઈકો ગાડી પકડી

**સાંતેજ પાસે આવેલા વાંસજડા પાસેથી પકડાયેલી ઈકો ગાડીમાંથી ૩૩૮ નંગ દારૂની બોટલ મળી : ચાર લાખના મુદ્દામાલ સાથે બે ની ધરપકડ**

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર એલસીબીની ટીમે આજે વહેલી સવારે ચોક્કસ બાતમીના આધારે સાંતેજ નજીક



આવેલા વાંસજડા ગામ પાસે વોચ ગોઠવીને વિદેશી દારૂનો જથ્થો ભરીને ઈકો ગાડીમાં થતી હેરાફેરી પકડી પાડી હતી. ઈકો ગાડી પકડીને તેમાં તપાસ કરતા અંદરથી ૩૩૮ નંગ દારૂની બોટલો મળી આવી હતી. એલસીબીની ટીમે દારૂ તથા કાર મળી કુલ રૂપિયા ચાર લાખનો મુદ્દામાલ જપ્ત કરીને કલોલ તાલુકાના સાંતેજ વિસ્તારમાં રહેતા એક બુટલેગર તથા મહેસાણાના એક બુટલેગરની ધરપકડ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર જિલ્લા પોલીસ અધિક્ષક મયુર ચાવડાની સુચનાથી જિલ્લામાં દારૂ અને જુગારની પ્રવૃત્તિઓને નેસ્તનાબૂદ કરવા પોલીસ સક્રિય છે ત્યારે ગાંધીનગર એલસીબી પીઆઇ તરલ ભટ્ટની ટીમે વિદેશી દારૂની હેરાફેરી કરતી વધુ એક ગાડી પકડી પાડી છે. કલોલ તાલુકા વિસ્તારમાં નાઈટ પેટ્રોલિંગ કરી રહેલા એલસીબી પીએસઆઇ એમ જે શિંદે તથા તેમની ટીમ કલોલ તાલુકાના સાંતેજ વિસ્તાર તરફ પહોંચ્યા ત્યારે આજે વહેલી સવારે તેમની ટીમના હેડ કોન્સ્ટેબલ મનુજી ને બાતમી મળી હતી કે વાંસજડા ગામેથી વડાવી ગામ તરફ જતા રોડ ઉપરથી જીજે ૧૮ બીજે ૦૭૧૭ નંબરની ઈકો ગાડી માં વિદેશી દારૂની હેરાફેરી થઈ રહી છે. આ બાતમીના આધારે એલસીબીની ટીમ તાત્કાલિક વાંસજડા રોડ પર પહોંચી ગઈ હતી અને બાતમીવાળી ઈકોગાડી ત્યાંથી પસાર થતા તેને પકડી પાડી હતી. ગાડીમાં તપાસ કરતા અંદરથી ૩૩૮ નંગ દારૂની બોટલ મળી આવી હતી. એલસીબીની ટીમે દારૂ અને કાર સહિત કુલ રૂ.૪.૦૬ લાખનો મુદ્દામાલ જપ્ત કરીને કલોલ તાલુકાના સાંતેજ વિસ્તારમાં આવેલા અંબાજીના પરામાં રહેતા બુટલેગર જયંતિ ઉર્ફે લાલો માસંગ ઠાકોર અને મહેસાણા જિલ્લાના ચરાડુ ખાતે રહેતા બુટલેગર મહેશ વાઘાજી ઠાકોરની સામે કાર્યવાહી કરીને તેમની ધરપકડ કરી લીધી હતી.

# સમર્પણ કોલેજ ખાતે પ્લેસમેન્ટ વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગરની સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે કાર્યરત રોજગાર અને કારકિર્દી માર્ગદર્શન સમિતિ દ્વારા તા. ૧૨-૧૨-૨૦૧૮ના બુધવારે રૂમ નં. ૨૦૧માં સવારના ૯ થી ૧૧ વાગ્યા સુધી એક દિવસીય પ્લેસમેન્ટ વર્કશોપ-૨૦૧૯નું આયોજન કરાયું હતું. આ ઉપરાંત ટેક મહિન્દ્રા કંપની દ્વારા કસ્ટમર કેર એક્ઝીક્યુટીવની જગ્યાના ઓપન ઈન્ટરવ્યુનું પણ આયોજન કરાયું હતું. આ આયોજનની નોટીસ રોજગાર અને કારકિર્દી માર્ગદર્શન સમિતિ દ્વારા તા. ૧-૧૨-૨૦૧૮ના રોજ કરવામાં આવી હતી. ત્યારબાદ સમિતિના સતત પ્રયત્નો થકી કુલ ૭૭ વિદ્યાર્થીઓએ નામ નોંધાવ્યા હતા.

કાર્યક્રમના આરંભ ઉપાચાર્ય ડૉ. હેમંત વૈષ્ણવ દ્વારા ત્યારબાદ સમિતિના અધ્યક્ષ ડૉ. મનીષા રબારીએ વિદ્યાર્થીઓને રોજગારલક્ષી માહિતી તેમજ ઈન્ટરવ્યુ વિશે માહિતી પુરી પાડી હતી. કાર્યક્રમના બીજા દોરમાં ટેક મહિન્દ્રા કંપની દ્વારા ઈન્ટરવ્યુ લેવાયા જેમાં ૧૭ વિદ્યાર્થીઓ પસંદ થયા હતા. તે ૧૭ વિદ્યાર્થીઓને તત્કાળ પસંદગીપત્ર અપાયા હતા. આ આખો કાર્યક્રમ શિસ્તબદ્ધ રીતે આયોજિત કરવા માટે સંસ્થાના આચાર્ય દીપકભાઈ પંડ્યા અને ઉપાચાર્ય હેમંત વૈષ્ણવે સમિતિને અભિનંદન પાઠવ્યા હતા.

# મૃત્યુ પામેલા ફોઈ નિઃસંતાન હોવાનું ખોટું સોગંદનામુ કરી જમીન પચાવી પાડી

**મૃતક વૃદ્ધાના પરિવારજનોએ કરેલી આરટીઆઇમાં કોલવડા ગામની કરોડોની જમીનની છેતરપિંડી બહાર આવી : અભણ વૃદ્ધાને ઉલ્લુ બનાવીને બોગસ દસ્તાવેજ કરાવી લીધો હતો : પોલીસ ફરિયાદ**

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકામાં આવેલા ધાનજ વિસ્તારમાં રહેતા યુવાને તેની મૃત્યુ પામેલી દાદીની કોલવડા ગામમાં આવેલી જમીનને પચાવી પાડનાર કુટુંબી ભાઈ સામે પેથાપુર પોલીસ મથકમાં ફરિયાદ આપતા ખળભળાટ મચી જવા પામી છે. આરોપીએ તેની ફોઈ અભણ હોવાનો લાભ લઈને ખોટું સોગંદનામુ કરાવી જમીન પચાવી પાડી હોવાનો ફરિયાદમાં આક્ષેપ છે એટલું જ નહીં જમીન માલિક વૃદ્ધા ફોઈ મૃત્યુ પામ્યા બાદ કરવામાં આવેલા આ જમીનના દસ્તાવેજમાં આરોપીએ સોગંદનામું પણ ખોટું રજૂ કર્યુ હતું જેમાં લખ્યું હતું કે ફોઈ નિઃસંતાન છે. આરટીઆઈ દ્વારા આ સમગ્ર છેતરપિંડી બહાર આવતા મૃત્યુ પામેલા જમીન માલિક વૃદ્ધાના અસલ વારસદારોને આ મામલે પેથાપુર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

મળતી વિગતો મુજબ કલોલના ધાનજ ગામના મહોતજી બબાજી ઠાકોરે કોલવડા ગામના પોતાના કુટુંબી ભાઈ ખોડા આતાજી ઠાકોર સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે. મહોતજીના દાદી મણીબેન ચેલાજી ઠાકોરનું પિયર કોલવડા થતુ હતુ અને તેમના નામે કોલવડા ગામે જમીન આવેલી હતી. મણીબેનનું ૧૯૯૮માં અવસાન થયું હતું, ત્યાર બાદ તેમના વારસદારોને કોલવડામાં જમીન હોવાની જાણ થઈ હતી.

જો કે રેકર્ડ ચેક કરતાં આ જમીન ખોડાજીના નામે બોલતી હતી. જમીનના રેવન્યુ રેકર્ડના કાગળો આરટીઆઈ મારફતે મહોતજીએ મેળવ્યા તેમાં સામે આવ્યું હતું કે, આ જમીન ૧૯૯૫માં ખોડાજી આતાજી ઠાકોરે ૨૦ હજારમાં દસ્તવેજથી વેચાણ રાખી હતી. જેની નોંધણી ૨૦૦૧માં પડાવી હતી અને ૨૦૦૨માં આ નોંધ પ્રમાણીત કોલવડા ગ્રામ પંચાયત ખાતે કરાવી હતી. મહોતજીના આક્ષેપ છે કે આ નોંધ મણીબેન અભણ હોવાથી ખોડાજીએ દસ્તાવેજ લખાવતી વખતે તેમના સિવાય બીજા કોઈનો લાગ-ભાગ નથી તેવું લખાણ લખ્યું હતું. ખોડાજીએ સ્ટેમ્પ પર સોગંદનામું કર્યુ હતું કે, તેમના પિતાની બહેન (મણીબેન) નિઃસંતાન ગુજરી ગયેલ છે, તેમજ તેઓને કોઈ દિયર કે જેઠ કે તેઓના કુંટુંબમાં પણ કોઈ નથી. એટલે નજીકના સગા તરીકે તે પોતે જ (ખોડાજી) છે.

જોકે, મૃતક મણીબેનને મહોતજીના પિતા સહિત ત્રણ સંતાનો હતા. આ સોગંદનામું ખોડાજીએ એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટ ગાંધીનગરની સહી કરાવી તેણે કોલવડા ગ્રામ પંચાયતમાં રજૂ કરી દીધું હતુ. મહોતજી બબાજી ઠાકોરની ફરિયાદના આધારે પેથાપુર પોલીસે આ છેતરપીંડી મામલે ગુનો નોંધીને પીએસઆઈ એ. જી. એનુરકરે વધુ તપાસ હાથ ધરી છે.





## ગામની ઉન્નતિ માટે ગામ ખાલી કરાયું..!!!

ગાંધીનગર તાલુકાના મહુન્દ્રા ગામે આજે અનોખી પ્રથા અનુસાર સંપૂર્ણ ગામ ખાલી કરી દેવામાં આવ્યું હતું. ગામની ઉન્નતિ માટે તથા અનેકવિધ મુશ્કેલીઓમાંથી મુક્ત કરવાના હેતુથી ગામના મમૈયા માતાજીની આજ્ઞા હોવાની માન્યતા અંતર્ગત આ રિવાજ પાળવામાં આવ્યો હતો. જેમાં તમામ ગ્રામજનો સવારે ૬ થી ૯ દરમ્યાન ગામની બહાર નીકળી ગિયોડના અંબાજી મંદિરે આયોજિત શ્રીમદ્ ભાગવત પારાયણ સત્સંગમાં જોડાયાં હતા. આખો દિવસ પારાયણમાં વ્યતિત કાર્ય બાદ સાંજે ૫ કલાકે ગામના તોરણે એકઠાં થઈ સૌથી પહેલા કુમારિકાઓએ ગામમાં પ્રવેશ કર્યો હતો. આ પ્રસંગે ગ્રામજનોએ આચાર્ય ભૂપેન્દ્રભાઈ શાસ્ત્રીના વ્યાસપીઠે પુનઃ ગ્રામ નવચંડી યજ્ઞનો પણ લાભ લીધો હતો. સમગ્ર દિવસ દરમ્યાન ગ્રામજનો ભોજન પણ ઘરેથી બનાવીને સાથે લઈ ગયાં હતા.

# દહેગામમાં બુટલેગરોએ બંધ મકાનમાં સંતાડેલો દારૂનો જથ્થો પકડાયો

**એલસીબીની ટીમે દહેગામના લીંબચ માતાની ફળીમા દરોડો પાડીને બંધ મકાનમાં સંતાડેલી ૫૧૬ બોટલો પકડી : એક બુટલેગરની ધરપકડ : ત્રણ ફરાર**

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે રાત્રી દરમિયાન ચોક્કસ બાતમીના આધારે




દહેગામના લીંબચ માતાની ફળીમાં આવેલા એક બંધ મકાનમાં દરોડો પાડ્યો હતો. દહેગામના બુટલેગરોએ આ બંધ મકાનમાં વિદેશી દારૂનો મોટો જથ્થો સંતાડ્યો હતો. બંધ મકાનમાં દરોડો પાડીને લોકલ ક્રાઈમ બ્રાન્ચે તપાસ કરતા અંદરથી ૫૧૬ નંગ વિદેશી દારૂની બોટલો ભરેલી પેટીઓ મળી આવી હતી. એલસીબીની ટીમે દારૂનો જથ્થો જપ્ત કરીને એક બુટલેગરની ધરપકડ કરી લીધી છે. જ્યારે એક મહિલા સહિત ત્રણ બુટલેગરો ફરાર છે. તેમની સામે પણ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

લોકલ ક્રાઈમ બ્રાંચ પીઆઈ તરલ ભટ્ટની સૂચનાથી તેમની ટીમ દહેગામ વિસ્તારમાં નાઈટ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન ગઈરાત્રે કોન્સ્ટેબલ જીતેન્દ્રસિંહ ને બાતમી મળી હતી કે દહેગામ ખાતે આવેલા લીંબચ માતાજીમાં રહેતા બુટલેગરો ભાવસિંહ ઉર્ફે ભાવેશ પ્રહલાદસિંહ ઝાલા તથા તેનો ભાઈ વિક્રમસિંહ ઝાલા, ભાવેશની પત્ની વીણાબેન ઉર્ફે ભાભી તથા ભાવેશનો ઝાલા પુત્ર સુરદિપસિંહ એ સાથે મળીને લીંબચ માતાની ફળીમાં આવેલા રણછોડભાઈ વાણંદના બંધ મકાનમાં વિદેશી દારૂનો મોટો જથ્થો સંતાડેલો છે. આ બાતમીના આધારે એલસીબીની ટીમ મહિલા પોલીસને સાથે રાખીને દહેગામના બાતમી વાળા સ્થળે પહોંચી ગઈ હતી અને આ બંધ મકાનમાં દરોડો પાડ્યો હતો. મકાનમાં તપાસ કરતાં અંદરથી દોઢ લાખની કિંમતનો ૫૧૬ નંગ વિદેશી દારૂની બોટલનો જથ્થો મળી આવ્યો હતો. આ દરોડામાં એલસીબીની ટીમે દારૂના જથ્થા સાથે સુરદિપ ઉર્ફે સુરભા ઝાલાની ધરપકડ કરી દીધી હતી. જ્યારે અન્ય ત્રણ આરોપીઓ મળી આવ્યા ન હતા. એલસીબીની ટીમે દારૂનો જથ્થો જપ્ત કરીને ચારેય સામે ગુનો નોંધીને એકની ધરપકડ કરી ફરાર આરોપીઓની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# જાયન્ટસ ગૃપ દ્વારા રક્તદાન કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગરના જાયન્ટસ ગૃપ મેઈન તથા સાહેલી ગૃપ દ્વારા અર્બન કો-ઓપ બેંકના સંયુક્ત ઉપક્રમે ગત રવિવારે માણસા રોડ પરના શ્રીજી પાર્ટી પ્લોટ ખાતે ૪૧ ગામ કડવા પાટીદાર સમાજના સ્નેહમિલન સમારોહ પ્રસંગે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. રક્તદાન કેમ્પમાં ૩૨ યુનિટ રક્ત એકત્ર થવા પામ્યું હતું. જે અમદાવાદની કેન્સર હોસ્પિટલના દર્દીઓના લાભાર્થે હોસ્પિટલની ટીમે એકત્ર કર્યું હતું.

રક્તદાન કેમ્પને સફળ બનાવવા માટે જાયન્ટસ ગૃપના ફેડરેશન ૩સી યુનિટના ડાયરેક્ટર બી.એમ. પટેલ, પાસ્ટ પ્રેસિડેન્ટ સાંકાભાઈ પટેલ ઉપરાંત નટુભાઈ પટેલ, ડી.ટી. પટેલ, હાલના પ્રેસિડેન્ટ વસંતભાઈ પટેલ, ડી.એ. વિકેશ પટેલ, વાઈસ પ્રેસિડેન્ટ માધુભાઈ પટેલ, કારોબારી સભ્ય ગીરીશ પટેલ વગેરે સહિત પાટીદાર સમાજના સ્વયંસેવકોએ યોગદાન આપ્યું હતું. અર્બન બેંક દ્વારા રક્તદાતાઓને શુભેચ્છા ભેટ આપી પ્રોત્સાહિત કરાયાં હતા. સાહેલી ગૃપના પાસ્ટ પ્રેસિડેન્ટ ગાયત્રી પટેલ સહિત અન્ય સભ્યોએ પણ સહકાર પુરો પાડ્યો હતો.

## સમર્પણ કોલેજના વિદ્યાર્થીઓએ મધુર ડેરીની મુલાકાત લીધી

ગાંધીનગરની સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના કોમર્સ વિભાગ દ્વારા ગત તા. ૧૪-૧૨-૨૦૧૮ને શુક્રવારના રોજ ગાંધીનગર જિલ્લાની અગ્રેસર 'મધુર ડેરી'ની મુલાકાતના શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. કોમર્સ વિભાગના ૫૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. મધુર ડેરીના ચેરમેન શંકરસિંહ રાણા, મેનેજીંગ ડિરેક્ટર મનોહરસિંહ ચૌહાણે વિદ્યાર્થીઓના શૈક્ષણિક પ્રવાસમાં સહયોગ આપી વિદ્યાર્થીઓમાં રોજગારલક્ષી ક્ષમતા કેવી રીતે વિકસાવી શકાય તે સંદર્ભે માર્ગદર્શન આપ્યુંહતું. શૈક્ષણિક પ્રવાસનું આયોજન કોમર્સ વિભાગના અધ્યક્ષા ડૉ. લલિતા સોલંકી દ્વારા કરવામાં આવ્યું હતું. તેમાં પ્રો. એન.એન. પટેલ, ડૉ. મનીષા રબારી તેમજ પ્રો. સમીપ ઘાંચીનો સહયોગ હતો. પ્રવાસ દરમિયાન શિસ્ત વ્યવસ્થા વિદ્યાર્થી રાજપાલસિંહ યાદવ, મિકિનસિંહ ભાટીએ સંભાળી હતી.

# ફુડ એન્ડ ડ્રગ્સ કન્ઝ્યુમર વેલ્ફેર કમિટીના હોદ્દેદારોની વરણી કરાઈ

**સ્ટેટ પ્રેસિડેન્ડ પદે એડવોકેટ અશ્વિન ત્રિવેદી તથા સ્ટેટ જનરલ સેક્રેટરી પદે દિપક વ્યાસ સહિત અન્ય હોદ્દેદારો નિમાયા**

ગાંધીનગરના સેક્ટર-૧૬માં સમસ્ત બ્રહ્મ સમાજના હોલ ખાતે તા. ૧૮મી ડિસેમ્બરે યોજાયેલા સમારંભમાં ફુડ એન્ડ ડ્રગ્સ કન્ઝ્યુમર વેલ્ફેર કમિટીના રાષ્ટ્રીય અધ્યક્ષ સુધીર મોરે દ્વારા શહેરના જાણીતા વકીલ તથા બ્રહ્મ અગ્રણી અશ્વિન ત્રિવેદીને સંસ્થાના રાજ્ય એકમના પ્રમુખપદે તેમજ દિપક વ્યાસની મહામંત્રી પદે નિયુક્ત કરવામાં આવ્યાં હતા. આ સાથે સંસ્થાના અન્ય હોદ્દેદારોની પણ વરણી કરવામાં આવી હતી. આ પ્રસંગે મહેમદાવાદના ધારાસભ્ય અર્જુનસિંહ ચૌહાણ, ભાજપ અગ્રણી ગીરીશ શર્મા, સંસ્થાના જહોન મેથ્યુ વગેરે અતિથીપદે ઉપસ્થિત રહ્યાં હતા.

ફુડ એન્ડ ડ્રગ્સ કન્ઝ્યુમર વેલ્ફેર કમિટીના નવનિયુક્ત હોદ્દેદારોમાં સ્ટેટ પ્રેસિડેન્ટ પદે અશ્વિન




ત્રિવેદી, જનરલ સેક્રેટરી પદે દિપક વ્યાસ, સંસ્થાના સિવિલ ફૂડ સપ્લાય એન્ડ પબ્લિક ગ્રીવેન્સ રિડ્રેસલ સેલના ગાંધીનગર જિલ્લા પ્રમુખ પદે તન્મય પટેલ, વાઈસ પ્રેસિડેન્ટ પદે વિનાબા ઝાલા અને જનરલ સેક્રેટરી પદે રાહુલ સુખડીયા ઉપરાંત અમદાવાદ જિલ્લા એકમના વાઈસ પ્રેસિડેન્ટ પદે નિરવ શર્મા, જનરલ સેક્રેટરી પદે રાજેન્દ્ર પ્રસાદ વ્યાસ, ગાંધીનગર જિલ્લા એકમના વાઈસ પ્રેસિડેન્ટપદે તેજલબેન રાવલ, પબ્લિક હેલ્થસેલના જિલ્લા વાઈસ પ્રેસિડેન્ટ પદે ઉર્વી ત્રિવેદી, સ્પોર્ટસ એન્ડ ફિટનેસ સેલ જિલ્લા વાઈસ પ્રેસિડેન્ટ પદે વિવેકા પટેલ તથા નરોડા એકમના વાઈસ પ્રેસિડેન્ટ પદે મનિષ શાહની વરણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ઉપસ્થિત શહેરના અગ્રણીઓ તથા શુભેચ્છકો દ્વારા હોદ્દેદારોને શુભેચ્છા પાઠવવામાં આવી હતી. આ પ્રસંગે આગામી દિવસોમાં નાગરિકોને શુદ્ધ ખોરાક, દવા તથા કોસ્મેટિક મળે તેવા કાર્યક્રમો આપવાની સ્ટેટ પ્રેસિડેન્ટે ખાત્રી આપી હતી.

**ગુજરાત રાજ્ય બીજ નિગમ લિમિટેડ**
GUJARAT STATE SEEDS CORPORATION LIMITED
બીજ ભવન, સેક્ટર નં.૧૦-એ,
ગાંધીનગર - ૩૮૨૦૧૦
ફોન નંબર : ૨૩૨૫૬૭૧૬, ૨૩૨૫૬૬૯૨

**નિવૃત્ત સરકારી સીવીલ એન્જિનીયર રોકવા બાબત**

ગુજરાત રાજ્ય બીજ નિગમ લિ., ગાંધીનગરને વડી કચેરી તથા કચેરીની બાંધકામની કામગીરી અન્વયે નિવૃત્ત સરકારી સિવિલ એન્જિનીયરની કોન્ટ્રાક્ટ પદ્ધતિથી જરૂરીયાત છે, જે બાબતે રસ ધરાવતી વ્યક્તિએ તેમના જરૂરી પ્રમાણપત્રો / અનુભવ / અપેક્ષિત પગારની વિગત સાથે બંધ કવરમાં લેખિતમાં આ કચેરીને દિન-૨૧માં અરજી કરવા જણાવવામાં આવે છે.

(એન. કે. કાચડ)
મેનેજીંગ ડીરેક્ટર

**Name Change**
I, Venkata Poorna Chandra Prasad Pisipati have changed name of my Daughter from Sarvya Prasad to Pisipati Sravya Prasad.
Add. :
12, Ratrani Bunglows, Ramdevnagar, Ahemedabad.